# સેન્ટર ફોર કોમ્યુનિકેશન નેટવર્ક યોજના અંતર્ગત દાહોદ જીલ્લાના પ્રગતિશીલ ખેડુતો સાથે ગોષ્ઠી તેમજ ખેતીલક્ષી સાહિત્યનુ વિતરણ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તાબા હેઠળની સેન્ટર ફોર કોમ્યુનિકેશન નેટવર્ક યોજના અંતર્ગત તા.૨૫ અને ૨૬/૧૦/૨૦૧૬ના રોજ દાહોદ જીલ્લાના પ્રથમપુર, રૂપાખેડા, ધામરડા, બોરડી સરકારી અને માસી તોયણી ગામોમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓનો ખેડુતો અમલ કરે અને વધુ ખેત ઉત્પાદન મેળવે તે હેતુસરની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ ખેડુત સમિતિ દ્વારા આધુનિક ખેતીનો અભિગમ અપનાવાય અને બીજા અન્ય ખેડુતોમાં આ માહિતીનો ઉપયોગ પોતાના કૃષિ વ્યવસાયમાં કરે અને વધુ ખેત ઉત્પાદન મેળવે તે બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યુ. ચર્ચાના અંતે ખેતીલક્ષી સાહિત્યનુ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમના પ્રસંગે ડૉ. એન. વી. સોની (સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી), વિ.શિ.નિ.શ્રીની કચેરી, આ.કૃ.યુ. આણંદ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો ડો. એસ. કે. પટેલ (કૃષિ ઇજનેરી) અને પ્રો. જી. કે. ભાભોર (વિસ્તરણ શિક્ષણ)એ ખેતીલક્ષી તેમજ સાહિત્યનુ ગ્રામ્ય વિસ્તારમાં નાનકડા ગ્રંથાલય રૂપે કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય તે અંતર્ગત જરૂરી માર્ગદર્શન પુરુ પાડેલ હતુ.

વિશેષમાં આ પ્રગતિશીલ ખેડુતોને સતત કૃષિલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુસર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આ.કૃ.યુ. આણંદ દ્વારા માસિક પ્રકાશિત થતા "કૃષિ ગોવિધા" અંક એક વર્ષ સુધી વિના મૂલ્યે આ ખેડુત સમિતિના એક સભ્યને મોકલવા જણાવવામાં આવેલ.





તા. ૨૫/૧૦/૨૦૧૬ ગામ- પ્રથમપુર અને રૂપાખેડા





તા. ૨૬/૧૦/૨૦૧૬ ગામ - ધામરડા અને બોરડી સરકારી







તા. ૨૬/૧૦/૨૦૧૬ ગામ - માસી તોયણી